જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૮/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૦૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૭	૦	૧૧૬૩૭	૧૭૭૪૮	૦	૧૭૭૪૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૭	૦	૧૦૭	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૮૩૯૩	૧૫૦	૬૮૫૪૩	૬૯૨૨૩	૧૬૨	૬૯૩૮૫
કુલ		૮૪૮૬૯	૧૫૦	૮૫૦૧૯	૯૩૬૧૩	૧૬૨	૯૩૭૭૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૨૯	૪,૩૩,૧૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૪૫	૯,૪૫,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

વિદેશીદારૂની હેરાફેરી જેવી પ્રોહિબિશનની અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમને પકડી પાડી પાસા હેઠળ મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે અમદાવાદ શહેર વિસ્તારમાં પ્રોહિબિશનની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા ચુસ્તપણે સુચના આપેલ હોય જે આધારે પોલીસ ઇન્સપેક્ટરશ્રી એસ.એ.ગોહિલ નારોલ પોલીસ સ્ટેશન નાઓના સુપરવિઝન હેઠળ આવા ગુના આચરતા ઇસમો ઉપર સત્તત વોચ રાખી અત્રેના નારોલ પો.સ્ટે. ખાતે દાખલ થયેલ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૧૦૬૬૦/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ),૧૧૬(બી),૯૮(૨),૮૧ મુજબના ગુનાના કામના આરોપી : રામસિંગ દેવીસિંગ જાતે રાવત ઉ.વ.૨૩ રહે.ગામ.પીપલીયા રેલ તીતરી ગામની પાસે તા.ભીમ જી.રાજસમદ રાજસ્થાન રાજય નાનો પોલીસની ચોરી છુપીથી વગર પાસ પરમીટેભારતીય બનાવટના વિદેશી દારુની ૭૫૦ મીલીની કાચની સીલબંધ બોટલ કુલ નંગ - ૪૪૪ કિં.રૂ.૧,૭૭,૬૦૦/- તથા ભારતીય બનાવટ ના વિદેશી દારુના ૧૮૦ મીલીના પુંઠાના સીલબંધ પાઉચ નંગ – ૨૨૮ કિ.રૂ.૨૦,૫૨૦/– તથા કોથળા ઓમાં ભરેલ લોખંડના સ્ક્રેપની બિલ મુજબ કિ.રૂ. ૧૧,૬૩,૮૮૦/– તથા મોબાઈલ ફોન નંગ – ૦૨ કિ.રૂ.૬૫૦૦/– તથા રોકડા નાણા રૂ.૮૨૦/– તથા અશોક લેલેન્ડ કંપનીના દશ ટાયરવાળા ટ્રકની આશરે કિ.રૂ. ૭,૦૦,૦૦૦/- તથા અસલ ડેબીટકાર્ડ, બિલો તથા આર.સી.બુકની નકલ તથા ગાડીના અન્ય કાગળોની નકલો જે તમામની કિં.રૂ. ૦૦/૦૦ ગણી કુલ્લે કિં.રૂ. ૨૦,૬૯,૩૨૦/- ની મત્તાનો મુદ્દામાલ સાથે મળી આવેલ હોય જે અનુસંધાને તેની પ્રોહિબિશન સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી વિરૂદ્ધ પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૪૭૮/૨૦૨૧ તા.૧૮/૦૮/૨૦૨૧ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર પાસા અટાકયતીને આજરોજ તા : ૧૮/૦૮/૨૦૨૧ ના કલાક ૨૦/૩૦ વાગ્યે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

પાસા અટકાયતીનું નામ સરનામુ :-

રામસિંગ દેવીસિંગ જાતે રાવત ઉ.વ.૨૩ રહે.ગામ.પીપલીયા રેલ તીતરી ગામની પાસે તા.ભીમ જી.રાજસમદ રાજસ્થાન રાજય

પાસા અટકાયતી વિરૂદ્ધ દાખલ થયેલ ગુનાઓ :-

નારોલ પો.સ્ટે પાર્ટ સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૧૦૬૬૦/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮ (૨) ૮૧ મુજબ

મુદ્દામાલ :

ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૫૦ મીલીની કાચની સીલબંધ બોટલ કુલ નંગ - ૪૪૪ કિં.રૂ.૧,૭૭,૬૦૦/- તથા ભારતીય બનાવટ ના વિદેશી દારૂના ૧૮૦ મીલીના પુંઠાના સીલબંધ પાઉચ નંગ – ૨૨૮ કિ.રૂ.૨૦,૫૨૦/– તથા કોથળા ઓમાં ભરેલ લોખંડના સ્ક્રેપની બિલ મુજબ કિ.રૂ. ૧૧,૬૩,૮૮૦/– તથા મોબાઈલ ફોન નંગ – ૦૨ કિ.રૂ.૬૫૦૦/– તથા રોકડા નાણા રૂ.૮૨૦/– તથા અશોક લેલેન્ડ કંપનીના દશ ટાયરવાળા ટ્રકની આશરે કિ.રૂ.૭,૦૦,૦૦૦/- તથા અસલ ડેબીટકાર્ડ, બિલો તથા આર.સી.બુકની નકલ તથા ગાડીના અન્ય કાગળોની નકલો જે તમામની કિં.રૂ. ૦૦/૦૦ ગણી કુલ્લે કિં.રૂ. ૨૦,૬૯,૩૨૦/- ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરેલ છે તે.

કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓ :-

એસ..એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૦૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૪૩ લીટર દેશી દારૂ, ૧૦૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૩૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૦૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૫૦૮/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ અલ્પેશભાઈ જયંતીભાઈ ઠક્કર (ઉ.વ.૪૬) (રહે. શ્રી ગોપીનાથજી ટેનામેન્ટ પંચવટી ગોલવાળ બરોડા) એ તા.૧૮/૦૮/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી આનંદભાઈ ઉપાધ્યાય એ ગોતા જગુઆરના શો રૂમ પાછળ સેવન્થ પરીસર કોમ્પલેક્ષ ફેમીલી મોર્ટસ એફ/૧ ખાતે ફેમીલી મોર્ટસ વાળા નામની ઓફીસ ખોલી તા.૦૫/૭/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નવી અર્ટીકા ગાડી અલ્પેશભાઈ ઠક્કરને અપાવવાની વાત કરી અલ્પેશભાઈ ઠક્કર પાસેથી રૂપિયા ૯૦,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ ઓફિસ બંધ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.ઝાલા ચલાવે છે.

ખોખરાઃ ચિરાગ ગોવિંદભાઇ માલવીયા (ઉ.વ.૪૪) (રહે.મધુકુંજ સોસાયટી કાશીવિશ્વનાથ મંદિર પાછળ ખોખરા) એ તા.૧૮/૦૮/૨૦૨૧ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે ચિરાગ માલવીયા કોમ્પ્યુટરનો વેપાર ધંધો કરતા હોય ચિરાગ માલવીયાએ ફેસબુક એપ ઉપર કોમ્યુટરના સ્પેરપાર્ટના વેચાણની જાહેરાત જોઈ જાહેરાત મુકનારના મોબાઇલ નંબર મેળવી સંપર્ક કરી કોમ્યુટરના સ્પેરપાર્ટ ખરીદી માટે વાત કરતા મોબાઈલ નંબર ૭૫૯૫૯૮૯૮૨૦, ૯૮૭૪૫૬૫૨૧૪ તથા ૮૨૭૬૮૭૩૮૧૯ ના ધારકોએ પહેલા પૈસા મોકલી આપવાનુ જણાવતા ચિરાગ માલવીયા પાસેથી કોમ્યુટરના સ્પેરપાર્ટ પેટે રૂપિયા ૮૨,૦૦૦/- મેળવી લઈ ઓર્ડર મુજબ માલ નહી મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.એસ.ગામીત ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૫૦૯/૨૦૨૧**

વેજલપુરઃ કૌશીકકુમાર ગોપાલદાસ રાણા (રહે.જનતાનગર સોસાયટી બેન્ક ઓફ બરોડા સામે વેજલપુર) એ તા.૧૮/૦૮/૨૦૨૧ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૮/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૧૩/૦૮/૨૦૨૧ સવારના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન શ્રીનંદનગર-૧ સામે શાંતિનાથ કોમ્પલેક્ષમાં હરસિધ્ધી મેડીકલ સ્ટોર નામની પોતાની દુકાનના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી જુદી-જુદી કંપનીની દવા કિમત રૂપિયા ૫૦,૦૦૦/- તેમજ રોકડ રૂપિયા ૧,૫૦૦/- મળી કુલ રૂપિયા ૫૧,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.સી.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૫૧૦/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ રૂચીરાજ વા/ઓ સુજીતકુમાર સીંઘ (ઉ.વ.૩૫) (રહે. સન ડીવાઈન-૫ વ્રજધામ ફ્લેટ સામે ચાણક્યપુરી ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૮/૨૦૨૧ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભીમાભાઈ લખાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી